ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૫-એમાં બે દિવસથી પાણી નહીં આવતું હોવાની રાવ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સેકટર-૫-એમાં છેલ્લા બે દિવસથી પીવાનું તથા ઘરવપરાશનું પાણી આવતું નથી તેવી ફરિયાદ ઉઠવા પામી છે. જેના કારણે વસાહતીઓ ભરઉનાળે પાણી વિના પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આ સમસ્યા અંગે સંબંધિત વિભાગને ફોન કરતાં કામદારો નથી, રવિવારની રજા છે, આજે શકય નથી તેવા ઉડાઉ જવાબો મળી રહ્યા છે તેવું સેકટર-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે સે-૫-એમાં પાણીનો ફોર્સ અત્યંત ધીમો હોવાને કારણે પીવાનું પાણી પણ પુરતું પ્રાપ્ત થઈ શકતું નથી તો ઘરવપરાશ માટે તો પાણી કયાંથી વધે તેવા સવાલ સાથે વસાહત મંડળના હોદ્દેદારોએ જણાવ્યું છે કે સ્માર્ટ સીટી ગાંધીનગર જે રાજયનું પાટનગર હોવા છતાં વસાહતીઓને જરૂરિયાતના પાણી માટે ટેન્કર મંગાવવી પડી રહી છે જે રાજયના અંતરિયાળ જિલ્લા જેવી સ્થિતિ સર્જી રહી છે આ સાથે સે-૫ વસાહત મંડળના હોદ્દેદારોએ ચિમકી ઉચ્ચારી છે કે જો સત્વરે પાણીનો પ્રશ્ન ઉકેલવામાં નહીં આવે તો વસાહતીઓ માટલા સરઘસ કાઢી સંબંધિત વિભગાની કચેરીએ દેખાવો કરશે.

પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારનું ટોકિયો પેરાલિમ્પિકમાં રમવું નિશ્ચિત

પહેલીવાર પેરાબેડમિન્ટનનો પેરાલિમ્પિકમાં સમાવેશ : પારૂલ પરમાર અને પંજાબની પલક કોહલીને વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનનો પત્ર પ્રાપ્ત થયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરનું ગૌરવ સમા પેરાલિમ્પિક બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારનું જાપાન ખાતે યોજાનાર ટોકિયો ઓલિમ્પિકમાં રમવું નિશ્ચિત થઈ ગયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પેરાબેડમિન્ટનને પહેલીવાર પેરાલિમ્પિકમાં સ્થાન આપવામાં આવ્યું છે જેમાં દેશમાંથી બે મહિલા ખેલાડીઓની પસંદગી થવા પામી છે જેમાં ગાંધીનરના પારૂલ પરમાર ઉપરાંત પંજાબના પલક કોહલીનો સમાવેશ થાય છે. તાજેતરમાં રાજધાની દિલ્હી ખાતે ટ્રેનિંગ કરી રહેલી આ બંને ખેલાડીઓને બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન-બીડબલ્યુએફ દ્વારા ગુરૂવારે મોકલવામાં આવેલો પત્ર મળતાં જ બંને ખુશીથી ઉછળી પડી હતી.

ગાંધીનર માટે એ ક્ષણ ગૌરવપ્રદ હશે જ્યારે અર્જુન એવોર્ડ વિજેતા પારૂલ પરમાર દેશના રાષ્ટ્રધ્વજના સાનિધ્યમાં ટોકિયો પેરાલિમ્પિકમાં રમવા ઉતરશે. પારૂલ પરમાર આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વ પેરાબેડમિન્ટન ચેમ્પિયનશીપ સહિત અને ટૂર્નામેન્ટમાં યશસ્વી પ્રદર્શન કરી ચુકેલી ઉમદા ખેલાડી છે. બાળપણમાં જ પોલિયોનો ભોગ બનેલી ૪૭ વર્ષીય પારૂલ પરમાર અને બાળપણથી જ ડાબો હાથ અડધો ધરાવતી જલંધરની ૧૭ વર્ષીય પલક કોહલી ટોકિયો પેરાલિમ્પિકમાં એસએલ-૩ એસયુ-૫ કેટેગરીમાં ડબલ્સ સ્પર્ધામાં ભાગ લેશે. અત્યારે બંને દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા કોચ ગૌરવખન્ના પાસે તાલીમ મેળવી રહી છે.

જન્મદિને વધામણી

ચંદ્રકાન્તભાઈ કિશોર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

પ્રવિણસિંહ મોરી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

અમન પટેલ



જોય ચૌધરી

જ્યોતિન્દ્ર રાઓલ
મો. ૯૯૯૮૬૮૩૩૨૦

વિજ્ઞાન ગુર્જરીએ જીટીયુના સહયોગથી 'સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ'નું આયોજન કર્યું

ગાંધીનગર, તા.૨૩

વિજ્ઞાન ગુર્જરી અને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના સંયુક્ત પ્રયાસ દ્વારા કોરોનાની આ વિષમ પરિસ્થિતીમાં વિદ્યાર્થીઓને ટેક્નોલોજી તરફ વધારે રૂચિ જાગે તે માટે 'સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે.

વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજિત આ 'સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ'માં વિદ્યાર્થીઓ દ્વારા નવીન પ્રકારે બનાવેલ હાર્ડવેર, સોફ્ટવેર તથા સમાજને ઉપયોગી થાય તેવા સારા વિચારોની પ્રતિસ્પર્ધા યોજાશે તથા અલગ અલગ સંસ્થાના ટેક્નોલોજીના જાણકાર વિદ્વાનો દ્વારા વેબીનાર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં અત્યારની લેટેસ્ટ ટેક્નોલોજી અને ભવિષ્યમાં આવનારી ટેક્નોલોજી પર વિવિધ આશરે ૧૮(અઢાર) જેટલા લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રતિયોગિતામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝના જાણકારો દ્વારા ભવિષ્યમાં ટ્રેનિંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીમાં રહેલા એજ્યુકેશન જ્ઞાન અને ઇંડસ્ટ્રીઝ જ્ઞાન વચ્ચેની ખાલી જગ્યાને પૂરી શકાય. આ ઈવેન્ટમાં ૪૦૦ (ચારસો) રજિસ્ટ્રેશન થયેલ છે જેમાં ૨૨૦ જેટલા વિદ્યાર્થી દ્વારા વિવિધ પ્રોજેકટ પ્રતિસ્પર્ધાના ભાગ રૂપે પ્રસ્તુત કરાયા છે.

છેલ્લા પચ્ચીસ વર્ષથી ગાંધીનગરમાં સતત ચકલોડિયાં એટલેકે માટીના કુંડાની પક્ષી પરબનું વિતરણ કરનાર શહેરના જાણીતા જીવદયાપ્રેમી નરેન્દ્ર રાવલ આ વર્ષે કોરોના મહામારીનો ભોગ બની ચિર વિદાય લઇ ચુક્યા છે. જો કે અબોલ પક્ષીઓ માટેના તેમના જીવદયાના કાર્યને તેમના વિધવા પત્ની કપિલાબેન રાવલ તથા તબીબ પુત્ર ડો. મિલન રાવલ દ્વારા આગળ વધારવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે જે અંતર્ગત સેકટર-૨૨માં શોપીંગ સેન્ટર ખાતેની મહેશ્વરી ફૂડ ઍન્ડ બેકરી ખાતેથી ૫૧ પક્ષી પરબનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સ્વ.નરેન્દ્ર રાવલના પત્ની અને પુત્ર દ્વારા દિવગંત આત્માને શ્રદ્ધાંજલી આપવાનો આ પ્રયાસ બિરદાવવામાં આવી રહ્યો છે.

પોલીસમાં નોકરી અપાવવાના બહાને પૈસા પડાવતી ટોળકીના ૪ સભ્યો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

રાજયના પોલીસ વિભાગમાં નોકરીની લાલચ આપી યુવાનો પાસેથી રૂપીયા પડાવી એક કરોડથી વધુની રકમ ચાઉં કરી જનાર ટોળકીના ૪ સભ્યોને એલસીબી પોલીસે પુનિતવન પાસેથી પકડી

પાડ્યા છે. પોલીસે આ ઠગ ટોળકી પાસેથી ૮ મોબાઈલ ફોન, નોકરીના ઓર્ડરો, ડુપ્લીકેટ આઈકાર્ડ, કાર અને રોકડા રૂપીયા મળી કુલ રૂ. ૫.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સુરતના યુવક પ્રતાપ કૈલાશભાઈ જાટે શુકવારના રોજ સેકટર-૨૧ પોલીસ મથકે પોલીસ ભરતીના નામે રૂ.૩.૫૦ લાખની છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી. યુવકે જેના થકી પૈસા આપ્યા હતા તે રામસીંગ ચૌહાણે ૪૦ જેટલા યુવકોના રૂપીયા ઠગ ટોળકીને આપ્યા હતા. કેસની ગંભીરતા ને લઈ એસપી મયુર ચાવડાની સુચનાથી એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાએ વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી દીધી હતી. ત્યારે ફોનના લોકેશનથી આરોપીઓ સેકટર-૧૯ પુનિતવન પાસે હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસ તાત્કાલીક સ્થળ પર પહોંચીને જી.જે.૨૭.ડી.એચ.-૧૦૫૭ સ્વીફટ કારમાં સવાર ચાર વ્યકિતઓને પકડી પાડ્યા હતા. પોલીસે પકડેલા આરોપીઓમાં સિદ્ધાર્થ હિતેશભાઈ પાઠક (રહે અમરેલી મુળ જુનાગઢ), સિદ્ધાર્થની પત્ની પુજા વિજયભાઈ જાદવ (રહે. સેટેલાઈટ મુળ જુનાગઢ), મહેશ્વરી જગદીશભાઈ જાખરીયા (રહે ચાંદખેડા મુળ દેવભુમી દ્વારકા), અને રાહુલ ચંદુભાઈ લલ્લુવાડીયા (ન્યુ મણીનગર રામોલ અમદાવાદ), નો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી પોલીસે રૂ.૧.૮૫ લાખના મોંઘાદાટ ૮ મોબાઈલ ફોન, રૂ.૬૧ હજાર રોકડા અને રૂ.૩ લાખની કાર મળી કુલ રૂ. ૫.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ પોલીસ ભરતીના કૌંભાડી પુજા જાદવ અને તેનો પતિ સિધ્ધાર્થ પાઠક છે. દંપતિ પોતાને પોલીસ અધિકારીઓ સાથે સારી ઓળખાણ છે તેમ કહી રૂપીયા ખંખેરતા હતા. જયારે પુજા પંજાબ ખાતે રહેતા અરીજીતસિંગ મારફતે ઉચ્ચ અધિકારીઓની ખોટી સહીઓ કરાવતીહતી. આરોપીઓ પાસેથી વિવિધરેંકના ૨૫ બનાવટી આઈકાર્ડ અને ૧૪ બનાવવટી નિમણુંક પત્રો પણ મળી આવ્યા છે. આ કેસમાં કલ્પેશ પટેલ પણ વોન્ટેડ છે.

આમ આદમી પાર્ટીના ગાંધીનગર જિલ્લા પ્રમુખપદે મુકેશ પટેલની વરણી

શ્રી મુકેશભાઈ કે. પટેલ
પ્રમુખ

શ્રી રણવીર સિંહ રાઠોડ
મહામંત્રી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી પહેલીવાર મહાનગરપાલિકાની ચુંટણી લડી રહી છે અને એક મજબૂત પ્રતિસ્પર્ધી તરીકેનો વિકલ્પ પુરો પાડવા થનગની રહી છે. હાલ તો મનપાની ચુંટણીઓ મોકુફ રખાઈ છે પરંતુ આ સમયે પણ આપ પાર્ટી પોતાનું સંગઠન મજબૂત કરવામાં ધ્યાન આપી રહી છે જે અંતર્ગત આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખપદે મુકેશભાઈ કે. પટેલની તેમજ જિલ્લા મહામંત્રી પદે અલુવાના રણવીરસિંહ રાઠોડની વરણી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુકેશભાઈ પટેલ અગાઉ ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ રહી ચુકયા છે અને મનપાની ચુંટણીઓ જાહેર થયા બાદ તેઓ પોતાના ટેકેદારો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

મુકેશભાઈ પટેલ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન પ્રેરીત ગાંધીનગર જિલ્લા ઉમિયા પરિવારના કન્વીનર છે તેમજ શહેરના ઉમિયા માતાજી સંસ્થાનના ટ્રસ્ટી પણ છે. આ સાથે તેઓ કેપિટલ ક્રિએટીવ કલબના પ્રમુખ તરીકે સેવાઓ આપે છે. અને ધાર્મિક, શૈક્ષણિક તેમજ આરોગ્યલક્ષી સેવાકીય કાર્યોમાં પણ તેમનું યોગદાન રહ્યું છે. રણવીરસિંહ રાઠોડ જિલ્લાના સર્વ સમાજના સ્વિકૃત યુવા અગ્રણી તરીકેની છાપ ધરાવે છે.

કોરોના હોય કે બ્લેક ફંગસ, જોખમ નોંતરે છે આપની બેદરકારી...!!

કોરોનાની બીજી લહેર ઘાતક બનતાં વેકિસન લેવા તૈયાર થયેલી પ્રજા સામે વેકિસનેસનની કામગીરી 'નબળી' પુરવાર થઈ : ત્રીજી લહેર પહેલા ઉભા થયેલા મ્યુકરમાઈકોસિસના ખતરા સામે આવી બેદરકારી પાલવશે નહીં

ગાંધીનગર, તા.૨૩

દેશભરમાં કોરોના વાયરસની બીજી લહેર જાણે આતંક મચાવી રહી છે અને મે માસનું હજુ છેલ્લુ સપ્તાહ બાકી છે તે પહેલા અત્યાર સુધીનો સૌથી સંક્રમિત મહિનો મે સાબિત થઈ ચુકયો છે. એકલા મે માસમાં જ દેશમાં સૌથી વધુ ૭૧ લાખથી વધુ દર્દીઓ નોંધાયા છે અને ભારત અઢી કરોડ કોરોના પોઝિટીવ દર્દીઓનો આંક વટાવનાર અમેરિકા પછીનો બીજો દેશ બની ચુકયો છે. અત્યારે દેશમાં ૩૦ લાખ જેટલાં સક્રીય કેસ છે, જો કે તેની સામે ૩૧ લાખ

જેટલાં દર્દી સાજા થઈ ચુકયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોના મહામારીના ખપ્પરમાં ૩ લાખ જેટલાં નાગરિકો હોમાઈ ચુકયા છે જે પૈકી મે માસમાં જ ૮૩ હજારથી વધુ મૃત્યુ નોંધાયા છે. કોરોનાની બીજી લહેર માટે વિશ્વ ભારત પર બેદરકાર રહેવાનો આરોપ કરી રહ્યું છે તેવા સમયે દેશમાં 'મ્યુકર માઈકોસિસ' નામનો બ્લેક ફંગસનો નવો ખતરો મ્હોં ફાડી રહ્યો છે જે પણ કોરોનાની સારવારમાં દાખવાયેલી કેટલીક બેદરકારીના કારણે 'મહામારી' બન્યો છે તેવું જણાઈ રહ્યું છે. આ સમયે હવે સરકારે જ નહીં પરંતુ પ્રત્યેક નાગરિકે પણ કોઈ પણ પ્રકારની બેદરકારી દાખવવી પાલવે તેમ નથી જ, પછી તે વેકિસનેશનની કાર્યવાહી હોય કે કોવિડ મેનર્સનું પાલન કરવાની જવાબદારી હોય.

ગત માર્ચ-એપ્રિલ માસમાં ગુજરાતમાં કોરોનાની બીજી લહેરની જે ઘાતક સ્થિતિ સર્જાઈ હતી તેમાંથી અત્યારે રાહતની સ્થિતિ જરૂર સર્જાઈ છે પરંતુ બીજી તરફ ફરી એકવાર સરકારી તંત્ર ભૂતકાળના અનુભવ પરથી બોધપાઠ લઈને ભવિષ્યના જોખમ સામે લડવાની રણનીતિ બનાવવામાં કે તેની તૈયારીઓ કરવામાં સ્હેજ પણ બેદરકારી દાખવે નહીં તે જરૂરી છે. કેમ કે વડાપ્રધાનના શબ્દોમાં કહીએ તો 'દુશ્મન રૂપ બદલીને આવી રહ્યો છે' અને હજુ બ્લેક ફંગસના ખતરાને આપણે સમજીએ તે પહેલાં તો વ્હાઈટ ફંગસનો ખતરો પણ બારણે ટકોરા મારી રહ્યો છે. બીજી તરફ દેશમાં વેકિસનેશનની સુસ્ત અમલવારી ચિંતા જન્માવી રહી છે. માન્યું કે આપણો દેશ વિશાળ વસ્તી ધરાવતો દેશ છે પરંતુ હજુ સુધી આપણે માત્ર ૧૪ કરોડ નાગરિકોને જ વેકિસન આપી શકયા છીએ જો આ ગતિથી રસીકરણ ચાલશે તો આગામી ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં માંડ ૧૫ ટકા જ વસ્તીનું રસીકરણ કરી શકીશું જે આ મહામારી સામે લડવા અપુરતું સાબિત થશે. માત્ર બે કે ત્રણ કંપનીની વેકિસનથી ભારતની વસ્તીમાં રસીકરણ ઝડપી બની શકે તેમ નથી તે વાત હવે સરકારને સમજાતા સ્પુતનિક ઉપરાંત મોડર્ના, ફાઈઝર અને જોન્સન એન્ડ જોન્સનની વેકિસનને પણ મંજુરી આપવાની પ્રકિયા હાથ ધરાઈ છે. કોવિશિલ્ડની ઉત્પાદક સીરમ ઈન્સ્ટિટયુટના અદાર પૂનાવાલાએ કહ્યું છે કે બીજી લહેર આટલી ઘાતક નીવડશે તેવી અપેક્ષા નહોતી તેથી સરકારે પણ તે મુજબ

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ઓર્ડર આપ્યો નહોતો પરંતુ હવે સરકારે ગત માસે ૩ હજાર કરોડ એડવાન્સ આપ્યા છે તેથી વેકિસનના ઉત્પાદનનું કામ શરૂ કરી દેવાયું છે પરંતુ એક માસમાં ૧૦ કરોડ ડોઝના ઉત્પાદન લક્ષ્ય સુધી પહોંચતા જુલાઈ માસ લાગી જશે. બીજી તરફ ભારત સરકારે વેકિસનના બે ડોઝ વચ્ચેનો ગાળો વધારી ૧૬ સપ્તાહ કર્યો છે તે અમેરિકન સંશોધન મુજબ ૮૪.૨ ટકા સુધી અસરકારક સાબિત થશે અને તે સાથે વધુ નાગરિકોને વેકિસનેશનમાં આવરી લેવામાં પણ મદદરૂપ થશે, કોવેકિસનના ઉત્પાદક ભારત બાયોટેકને પણ ૧૫૦૦ કરોડનો ઓર્ડર આપવા સાથે એપ્રિલ સુધીનું તમામ ઉત્પાદન ખરીદી લેવાયું છે.

વેકિસનેશનમાં વધુ એક વિઘ્ન રસીના બગાડનું છે અને બ્રેક લેવાયો તે પહેલા ૮૮ દિવસમાં ૫૮ લાખ ડોઝ બગડવાથી રૂપિયા ૮૭ કરોડનું નુકસાન થઈ ચુકયું છે. અહીં નાણાના નુકસાન કરતા પુરવઠાનું નુકસાન અત્યંત ગંભીર છે અને માત્ર કેરળ સિવાય એક પણ રાજય એવું નથી જેનો બગાડનો દર શૂન્ય હોય. સારૂ છે કે દેશમાં કોરોના પોઝિટિવીટી રેટ ૨૧.૫ ટકાથી ઘટીને ૧૫.૨ ટકા સુધી નબળો પડયો છે પરંતુ તે સાથે

વધેલો બ્લેક ફંગસનો ખતરો વધુ ચિંતા કરાવી રહ્યો છે. એઈમ્સના એન્ડોકીનોલોજી એન્ડ પેટાબોલીસમ વિભાગના હેડ ડૉ. નિખિલ ટંડને આ ફંગસ હવાથી પણ ફેલાતી હોવાનું જણાવ્યું છે. પરંતુ અત્યાર સુધીમાં જે રિપોર્ટસ આવ્યા છે તેમાં ડાયાબીટીક દર્દીઓને વધુ નિશાન બનાવતી આ ફુગ વધુ પડતાં સ્ટેરોઈડ આપવાથી અને ઓકિસજન ઈકિવપમેન્ટની યોગ્ય સાફસફાઈ તથા નિયમાનુસાર ઉપયોગમાં સેવાતી બદરકારી જવાબદાર હોવાનું જાણવા મળી રહ્યું છે. અત્યાર સુધીમાં મ્યુકર માઈકોસિસના છે કોરોના હોય કે બ્લેક ફંગસ બેદરકારી જ જોખમને નોંતરે છે, દરેક નાગિરકો આ વાત ગાંઠ બાંધી લે તે જરૂરી છે તેજ રીતે સરકારે પણ સ્હેજ પણ બેદરકારી દાખવ્યા વગર ત્રીજી લહેર માટે સજ્જ થવું રહ્યું. હવે પ્રજા કહી રહી છે કે અમે ટેસ્ટ કરાવવા તૈયાર છીએ, ટેસ્ટીંગ કીટ લાવો, અમે વેકિસન લેવા તૈયાર છીએ, વેકિસન લાવો અને હાં સાથે એ પણ જણાવો કે શું તૈયારી છે તમારી ત્રીજી લહેર માટેની....!!

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પહેલા આ એકટરને સદીનો મહાનાયક કહેવામાં આવતો..!!

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દેસાઈ જશુભાઈ હિરાભાઈ, ઉ.વ. ૭૩, ભદ્રેસર, ઈડર
- સ્વ. વાઘેલા ધવલ નટવરભાઈ, ઉ.વ. ૩૨, સેકટર-૭
- સ્વ. રાઠોડ શાંતાબેન વાલજી, ઉ.વ. ૭૭, મુંબઈ, ચેમ્બુર
- સ્વ. ચાવડા દશરથસિંહ રણજીતસિંહ, ઉ.વ. ૫૨, માણેકપુર, માણસા
- સ્વ. ગજ્જર નીલાબેન પ્રવિણકુમાર, ઉ.વ. ૫૯, સેકટર-૨૬
- સ્વ. પટેલ રમણભાઈ મણીલાલ, ઉ.વ. ૭૫, ધમાસણા, કલોલ
- સ્વ. ચૌહાણ તેજુબેન ભગવતસિંહ, ઉ.વ. ૬૫, સેકટર-૩
- સ્વ. પંડયા પ્રમિલાબેન રશ્મિકાન્ત, ઉ.વ. ૭૩, સેકટર-૨૧
- સ્વ. વાઘેલા પ્રેમાભાઈ ડોસાભાઈ, ઉ.વ. ૫૭, ચેખલાપગી
- સ્વ. આહીનવિકા રાજેન્દ્રન દોરાસ્વામી, ઉ.વ. ૬૨, સેકટર-૨૪
- સ્વ. રાઠોડ સંજયસિંહ અજીતજી, ઉ.વ. ૭, તનાજીની મુવાડી, દહેગામ
- સ્વ. પ્રજાપતિ ગૌરીબેન માલજીભાઈ, ઉ.વ. ૭૦, કલોલ
- સ્વ. રાવલ લાભશંકર વલ્લભરામ, ઉ.વ. ૯૩, શીરપુર, માણસા
- સ્વ. ભટ્ટ શૈલેષભાઈ જગદીશચંદ્ર, ઉ.વ. ૪૭, વાવોલ
- સ્વ. ઠાકોર પંકજજી બળદેવજી, ઉ.વ. ૩૩, શિહોલી મોટી
- સ્વ. પ્રજાપતિ પ્રવિણભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૩૦
- સ્વ. ઉપાધ્યાય કાન્તાબેન હરગોવિંદદાસ, ઉ.વ. ૮૫, પેથાપુર
- સ્વ. ઠાકોર શકરાજી કેશાજી, ઉ.વ. ૬૦, દશેલા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ સોમાભાઈ રાયચંદદાસ, ઉ.વ. ૭૮, કુડાસણ
- સ્વ. સંઘાડીયા ભારતીબેન દિનેશભાઈ, ઉ.વ. ૬૫, કુડાસણ
- સ્વ. મિશ્રા દેવેશકુમાર રાધાકૃષ્ણ, ઉ.વ. ૬૮, મિડોજ
- સ્વ. પરીખ રજનીકાન્ત રમણલાલ, ઉ.વ. ૭૩, પાલડી, અમદાવાદ
- સ્વ. રબારી ઈશ્વરભાઈ સાંકાભાઈ, ઉ.વ. ૫૮, શાહપુર
- સ્વ. જોષી ભાનુપ્રસાદ શાંતિલાલ, ઉ.વ. ૬૫, સેકટર-૩
- સ્વ. રાઠોડ રમેશચંદ્ર છગનલાલ, ઉ.વ. ૭૨, સેકટર-૨૪

ખૂણેખાંચરેથી

● ગઈકાલે રાત્રે ૮ વાગે રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાઓને આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યા વધારવા તેમજ વેક્સિનેશન અભિયાન માટે સૂચનાઓ આપી હતી.

● ગાંધીનર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨૦૦ થી વધુ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે નમૂના મેળવાયા હતા ૨૦૦ જેટલા લોકોનું ટેસ્ટીં કરાયુ હતુ.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૫૮ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.

● ગાંધીનર શહેરમાં ૧૧૦૦ થી વધુ લોકોના ટેસ્ટીંગ કરાયા હતા જેમાં ૬૦૦ થી વધુ આર.ટી.પી.સી.આર.ના નમૂના મેળવી ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૩ જેટલા મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે વેક્સિનેશન અભિયાનમાં ૧૭૪૨ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● બજારો પરના નિયંત્રણો હળવા કરાયા પછી આજે પ્રથમ રવિવાર હતો પરંતુ બજારોમાં જોવા મળતી ભીડ ઓછી હતી.